**૧૧ માસનાં કરાર આધારિત સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટની ભરતી સબબનાં નિયમો અને સુચનાઓ**
**જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૪**

Shree Somnath Sanskrit University VERAVAL

**૧. જગ્યાનું નામ :** સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટ (૧૧ માસનાં કરાર આધારિત)

**૨. જગ્યાની સંખ્યા :** ૦૧

**૩. પગાર ધોરણ :** રૂા.૨૫,૦૦૦/– પ્રતિ માસ ફિક્ષ

**૪. શૈક્ષણિક લાયકાત :** અનુસ્નાતક ૫૫ % ગુણ સાથે અથવા બી ગ્રેડ. (આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અન્ય સંબંધિત વિદ્યાશાખા)

- સદર જગ્યા માટે સંશોધન, પબ્લીકેશન અને કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન જરૂરી છે.

**૫. અનુભવ :** ડેટા વિશ્લેષણ, રીપોર્ટ એનાલીસીલ, કો–ઓર્ડિનેશન, તારણ શોધવા સંબંધિતનો ૨ વર્ષનો અનુભવ.

**૬. કામગીરીની સ્પષ્ટતા :** ડેટા એન્ટ્રી, ડેટા એનાલીસ્ટ, રીપોર્ટ એકિઝકયુટી અહેવાલ, સંશોધન અહેવાલ, અન્ય સંબંધિત કામગીરી.

**૭. વય મર્યાદા :** ૩૬ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ. પ્રવર્તમાન સરકારી નિયમો અનુસાર કેટેગરી મુજબ વય મર્યાદામાં છુટછાટ મળવા પાત્ર રહેશે. (ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ગણવામાં આવશે.)

**૮. ભાષાની જાણકારી :** ઉમેદવાર ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**૯. પસંદગી પધ્ધતિ :** મૌખિક ઈન્ટરવ્યુ.

**૧૦. પરીક્ષા ફી :** બિન અનામત કેટેગરીનાં ઉમેદવારો માટે રૂ.૫૦૦/– તથા અનામત કેટેગરી ( SC/ST/SEBC/EWS) નાં ઉમેદવારો માટે રૂ.૨૫૦/– પરીક્ષા ફી ઓનલાઈન ભરવાની રહેશે, જેની વિગત(મેન્યુઅલ) આ સાથે સામેલ છે. (પરીક્ષા ફી કોઈપણ સંજોગોમાં નોન રીફંડેબલ છે, જેની ખાસ નોંધ લેવી.)

**૧૧ . મહત્ત્વની સુચનાઓ :**

૧. તા.૦૮/૦૪/૨૦૨૪ સુધીમાં યુનિવર્સિટીને ઓફિસ સમય દરમ્યાન સાંજે ૦૫:૩૦ કલાક સુધીમાં અરજી મળે તે રીતે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફત અરજી મોકલી આપવાની રહેશે. **રૂબરૂમાં અથવા કુરીયર મારફત પ્રાપ્ત થયેલ તથા નિયત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થયેલ અરજીઓ અરજીઓ અમાન્ય ઠરશે.**

૨. અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો જોડીને અરજી "કુલસચિવશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ–૩૬૨૨૬૫, જીલ્લો–ગીર સોમનાથ" ને નિયત સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે. તેમજ અરજીનાં કવર પર **"૧૧ માસનાં કરાર આધારિત સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટની જગ્યા માટેની અરજી"** ફરજીયાત લખવાનું રહેશે.

૩. અધુરી / અપૂર્ણ / અસ્પષ્ટ / સમયમર્યાદા બાદ મળેલી તેમજ અધુરા પ્રમાણપત્રો ધરાવતી અરજી રદ થવાને પાત્ર રહેશે.

૪. લાયકાત તેમજ અનુભવના તમામ આધારો સ્વ–પ્રમાણિત કરીને અરજી સાથે રજુ કરવાના રહેશે.

૫. સદર જગ્યા તદ્દન કરાર આધારિત હોઈ, આ જગ્યા ઉપર નિમણૂંક પામનાર કર્મચારીને ૧૧ માસ માટે ફિકસ વેતન સાથે નિમણૂક આપવામાં આવશે. તેમજ નિમણૂંક પામનાર કર્મચારીને યુનિવર્સિટીમાં નિયમિત મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહીં તેમજ આ અંગેનાં કોઈ હકક દાવા કરી શકશે નહીં. તેમજ તે અંગેનું રૂ.૧૦૦/– નાં સ્ટેમ્પ પર સોગંદનામું હાજર થતી વખતે કરવાનું રહેશે.

૬. ઉમેદવારોએ લેવામાં આવે તો લેખિત પરીક્ષા તેમજ મૌખિક ઈન્ટરવ્યુમાં સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૭. લેખિત પરીક્ષા / મૌખિક ઈન્ટરવ્યુ સમયે ઉમેદવારોએ સરકાર માન્ય ફોટો આઈડેન્ટી કાર્ડ તરીકે આધાર કાર્ડ / પાનકાર્ડ / ચુંટણી કાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી કોઈ એક સાથે રાખવાનું રહેશે, જે યુનિવર્સિટીનાં અધિકૃત અધિકારીશ્રી / કર્મચારીશ્રી દ્વારા જોવા માંગે ત્યારે આપવાનું રહેશે. જેની પાસે ફોટો આઈડેન્ટી કાર્ડ નહીં હોય તેને પરીક્ષા / ઈન્ટરવ્યુમાં બેસવા દેવામાં આવશે નહીં.

૮. ભરતી સબંધિત માહિતી જેમકે અરજી માન્ય / અમાન્ય વિગત, લેખિત પરીક્ષા પધ્ધતિ અને અભ્યાસક્રમ, પરીક્ષાની તારીખ અને સમય / મૌખિક ઈન્ટરવ્યુની તારીખ અને સમય વગેરે સબંધિત કોઈ પણ માહિતી બાબતે યુનિવર્સિટી દ્વારા પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર સમયાંતરે ભરતી સબંધિત તમામ અપડેટ મુકવામાં આવશે, આથી યુનિવર્સિટીની વેબસાઈટ નિયમિત ઉમેદવારે જોવી.

૯. જાહેરાત સંબંધિત / પસંદગી પધ્ધતિ સંબંધિત કોઈ પણ ફેરફાર કરવા તેમજ રદ કરવાની આવશયકતા ઉભી થશે તો યુનિવર્સિટીને તેનો સંપૂર્ણ હકક / અધિકાર રહેશે.

૧૦. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સંબંધિત યુનિવર્સિટી / સંસ્થાની માન્યતા તેમજ સંબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે યુનિવર્સિટી / નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૧૧. આપ કોઈ સંસ્થા / ફર્મમાં કામગીરી કરતા હોય તો જે–તે સંસ્થાનું ના વાંધા પ્રમાણપત્ર અરજીમાં સામેલ નિયત પત્રકમાં આપવાનું રહેશે. અથવા નોકરી ન કરતા હોય તો આપવાનું થતું નથી તેની નોંધ લેવી.

Shree Somnath Sanskrit University
VERAVAL

REGISTRAR
Shree Somnath Sanskrit University
Veraval